ગાંધીનગર સમાચાર, પાના નંબર- ૦૭.
તારીખ :- ૧૧/૦૬/૨૦૨૫.

# અમદાવાદ મેટ્રોના ફેઝ-2Aને કેન્દ્રીય કેબિનેટની મંજૂરી

## કોટેશ્વરથી એરપોર્ટ સુધીનો ૬ કિ.મી.નો રૂટ : આ મેટ્રો પ્રોજેક્ટ અંતર્ગત ૬.૦૩૨ કિલોમીટર લાંબો નવો મેટ્રો કોરિડોર તૈયાર કરવામાં આવશે અને તેમાં ૫ નવા સ્ટેશનોનો સમાવેશ થશે

અમદાવાદ, તા.૧૦

સમગ્ર ગુજરાત અને અમદાવાદવાસીઓ માટે આજે એક ખુબ જ મહત્વના અને આનંદના સમાચાર સામે આવ્યા છે. કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારે આજે મળેલી કેબિનેટ બેઠકમાં ગુજરાતના. હિતમાં અને વિકાસને વેગ આપતા ત્રણ મોટા નિર્ણયો લીધા છે. આ નિર્ણયોથી અમદાવાદ સહિત સમગ્ર રાજ્યની કાયાપલટ થવા જઈ રહી છે. જેમાં સૌથી મહત્વનો નિર્ણય અમદાવાદ મેટ્રોના વિસ્તારને લઈને લેવામાં આવ્યો છે. અમદાવાદમાં ટ્રાફિકની સમસ્યા હળવી કરવા અને પબ્લિક ટ્રાન્સપોર્ટને વધુ મજબૂત કરવા માટે અમદાવાદ મેટ્રો ફેઝ-૨ (Metro Phase-2) ને લઈને મોટો નિર્ણય લેવાયો છે. સરકાર દ્વારા આ ફેઝના વિસ્તરણને લીલી ઝંડી આપી દેવામાં આવી છે. જે અંતર્ગત ૬.૦૩૨ કિલોમીટર લાંબો નવો મેટ્રો કોરિડોર તૈયાર કરવામાં આવશે અને તેમાં ૫ નવા સ્ટેશનોનો સમાવેશ થશે. આ મહત્વકાંક્ષી પ્રોજેક્ટ પૂર્ણ થતાંની સાથે જ અમદાવાદ અને ગાંધીનગર વચ્ચેનું મેટ્રો રેલ નેટવર્ક વિસ્તરીને કુલ ૭૭.૬૩ કિલોમીટર પર પહોંચી જશે. આ ફેઝ અંતર્ગત હવે કોટેશ્વરથી લઈને સીધા અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ સુધી નવો મેટ્રો કોરિડોર બનાવવામાં આવશે. આ રૂટ શરૂ થવાથી એરપોર્ટ આવતા-જતા મુસાફરોને ટ્રાફિકમાંથી મોટી મુક્તિ મળશે અને સમયની પણ બચત થશે. કેન્દ્ર સરકારના જણાવ્યા અનુસાર, મેટ્રોના વિસ્તરણનો આ પ્રોજેક્ટ આગામી ચાર વર્ષની અંદર પૂર્ણ કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. આ સમયગાળા દરમિયાન આધુનિક ટેકનોલોજી સાથે ટ્રેક અને સ્ટેશનોનું નિર્માણ કરવામાં આવશે, જેથી નાગરિકોને વહેલી તકે આ સુવિધાનો લાભ મળી શકે.

